ગાંધીનગર સમાચાર

કોસ્ટારીકા દેશનો સાયકલ સવાર યુવાન શહેરના આંગણેથી પસાર

# સે-૨૮ જીઆઈડીસી નજીક અકસ્માતમાં બે યુવાનોના મોત

**બોરીજના બે યુવાનો રાત્રે બાઈક લઈને નિકળ્યા હતા ત્યારે માર્ગ નં. ૭ પર બનેલી ઘટના : ટ્રક અને બાઈક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં એક યુવાનનું સ્થળ પર જ મૃત્યુ**

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરનાં માર્ગ નં. ૭ પર સે-૨૮ જીઆઈડીસી તરફ જતા વળાંક પાસે ગઈ રાત્રે બાઈક અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક પર સવાર બંને યુવાનોના કરૂણ મૃત્યુ નિપજયા છે. જે પૈકી એક યુવાનનું તો ઘટના સ્થળ પર પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. સેકટર-૨૧ પોલીસે ટ્રક ચાલક સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

બોરીજ ગામમાં રહેતો ૨૦ વર્ષીય યુવાન ધર્મેશજી ગોવિંદભાઈ ખાંટ સેકટર-૧૯ની એક દુકાનમાં નોકરી કરતો હતો. તેનો મિત્ર જીજ્ઞેશ રસિકભાઈ મકવાણા છુટક કામકાજ કરતો હતો. ગઈ રાત્રે કામ પતાવીને બંને યુવાન મિત્રો બાઈક લઈને નીકળ્યા હતા અને માર્ગ નં. ૭ પર સે-૨૮ જીઆઈડીસી જવાના વળાંક પાસે પહોંચ્યા ત્યાં ટર્ન લઈ રહેલા એક હરીયાણા પાસીંગના ટ્રકે બાઈકને અડફેટે લઈ લીધું હતું. એચ.આર. ૫૫ એમ ૦૨૪૬ નંબરની ટ્રકની ટકકરથી બંને યુવાનો ગંભીર રીતે ઘાયલ થયા હતા. જે પૈકી ધર્મેશજીનું ઘટના સ્થળ પર જ કમકમાટીભર્યુ મૃત્યુ નિપજયું હતું. જયારે જીજ્ઞેશને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો જયાં તેનું સારવાર દરમિયાન મોડી રાત્રે પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. આ ટ્રક અને બાઈક વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં બે યુવાનોએ જીવ ગુમાવ્યા હતા. સે-૨૧ પોલીસે મૃતક ધર્મેશજીના પિતા ગોવિંદભાઈ ખાંટની ફરિયાદને આધારે ટ્રક ચાલક સામે ગુનો દાખલ કરી તપાસ આરંભી છે.

## @ગાંધીનગર

● ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સોમવારના રોજ બપોરે ૧.૩૦ કલાકે સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે અન્નસુરક્ષા અને મનરેગા કાયદાની યોગ્ય અમલવારી ન કરવા તેમજ આ કાયદાઓનો નકારાત્મક પ્રચાર સરકાર દ્વારા કરી સામાન્ય માણસોને આ અધિકારથી વંચિત રાખવાનો પ્રયાસ થઈ રહ્યો છે તેના વિરુદ્ધમાં ધરણા યોજાશે.

### મા રુકમામ્બા સપ્તશતિ પારાયણનું આયોજન

ગાંધીનગર, તા.૧૩

શ્રી રંગ અવધૂત પરિવાર ગાંધીનગર દ્વારા તા. ૧૪-૩-૨૦૧૬ સોમવારના રોજ બપોરના ૪ થી ૬ દરમિયાન શ્રીમતી સંગીતાબેન એચ. કંસારા, પ્લોટ નં. ૧૨૫૫/૧, સેકટર-૩-એ, માતાજીના મંદિર સામે મા રુકમામ્બા સપ્તશતિ પારાયણ રાખવામાં આવેલ છે તો શહેરના નગરજનોને લાભ લેવા જણાવાયું છે.



ના... ના... આ કોઈ પાટીદાર અનામત આંદોલનનું દશ્ય નથી કે નથી દિલ્હીની જેએનયુ જેવી કોઈ વિદ્યાર્થી સભા... આ તો ગાંધીનગરના ઘ-૫ સર્કલે એક ફેરીયા દ્વારા માત્ર રૂ. ૩૦૦માં બે શર્ટ વેચવા એકઠા કરેલા ગ્રાહકોનું ટોળુ છે. ફેરીયો પણ કેવો ગજબનો કે ગાડીની છત પર ચઢી જઈને મોટા અવાજે બુમો પાડી ''ઓફર'' મુકતો હતો કે તેને જોઈ નગરજનો ''રસ્તાનો માલ સસ્તામાં'' લેવા પડાપડી કરવા લાગ્યા હતા. એટલે સુધી કે તેમના વાહનો પણ રોડ વચ્ચે આડેધડ પાર્ક કરી ટોળુ જમાવી શર્ટ ખરીદવા ઉભા રહી જતા હતા. અરે, ઘણાએ તો ભર બજારે જ તેમના પોતાના ''શર્ટ'' ઉતારી ખરીદીનો 'માલ' ચેક કરવા માંડ્યા હતા જેથી છેતરાઈ ના જવાય..

(તસવીર સૌજન્ય : દિપક વ્યાસ)

# પોલીસે કેફી પદાર્થ ખવડાવી યુવાનને બેભાન કરી દીધો...!

**ગાડીમાં સાળંગપુર મંદિરે જતા રાત્રે બનેલી ઘટના ત્રણ સામે ગુનો દાખલ : ત્રણેય સેન્ટ્રલ જેલ હવાલે**

ગાંધીનગર ખાતે ગઈ રાત્રી દરમિયાન વિચિત્ર ઘટના બનવા પામી હતી. એક પોલીસ જવાન સહિત ચાર મિત્રો ગાડી લઈને સાળંગપુર હનુમાનજી મંદિરે દર્શન કરવા જતા હતા ત્યાં રસ્તામાં એક યુવાન મિત્રને અન્ય ત્રણે કાળા રંગનો કેફી પદાર્થ ખવડાવી અર્ધબેભાન કરી નાંખ્યો હોવાની અને જાનથી મારી નાંખવાનુ કાવતરૂ રચ્યું હોવાની ફરિયાદ સે-૨૧ પોલીસ મથકમાં નોંધાવા પામી છે. પોલીસે પોલીસ જવાન સહિત ત્રણની ધકપકડ કરી કોર્ટમાં રજુ કરતા સેન્ટ્રલ જેલ હવાલે કરવામાં આવ્યા છે.

બિલોદરા ગામમાં રહેતા સંજયસિંહ નારણસિંહ ચાવડાએ સેકટર-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી કે સે-૨૬ ખાતે રહેતા સ્વપ્રેશસિંહ બાબુજી ચાવડા, સેકટર-૨૨માં રહેતા પોલીસ જવાન દિલીપસિંહ દલપતસિંહ ચાવડા અને વરસોડાના મહેન્દ્રસિંહ રણજીતસિંહ ચાવડા ત્રણેયે મળીને અમદાવાદ સાળંગપુર મંદિરે દર્શન કરવા લઈ જઈ સંજયસિંહને જાનથી મારી નાંખવાનું કાવતરૂ રચી કાળા રંગનો કેફી પદાર્થ ખવડાવી અર્ધબેભાન કરી દીધો હતો. આ ફરિયાદ અનુસંધાને સે-૨૧ પોલીસે ત્રણેય સામે આઈપીસી કલમ ૧૨૦બી, ૩૨૮ અને ૧૧૪ મુજબ ગુનો નોંધી ત્રણેયની ધરપકડ કરી લીધી હતી. આજે ત્રણેયને કોર્ટમાં રજુ કરીને સેન્ટ્રલ જેલ હવાલે કરી દેવામાં આવ્યા છે. પીએસઆઈ બી.કે. અસારીએ ઉંડી તપાસ શરુ કરી છે.

## વાતવાતમાં

● ગાંધીનગરમાં જીપીએસસીની જુનિયર ફાર્માસિસ્ટ માટેની સ્પર્ધાત્મક પરીક્ષા યોજાઈ હતી. આ પરીક્ષામાં ઉમેદવારોની હાજરી જુનિયર આસીસ્ટન્ટની પરીક્ષા કરતા વધુ રહી હોવાનું જણાઈ આવ્યું હતું.

● જીપીએસસીની પરીક્ષાને કારણે રાજયભરમાંથી આવેલા ઉમેદવારો તથા તેમના સગાસંબંધીઓના કારણે શૈક્ષણિક સંકુલો પર ભીડ જોવા મળી હતી. વળી બપોરે પરીક્ષા પૂર્ણ થયા બાદ શહેરના ખાણી પીણી વાળાઓને પણ સારી એવી ઘરાકી પ્રાપ્ત થઈ હતી.

● રીંગ રોડ પરના ભાટ સર્કલથી નાના ચિલોડા તરફના માર્ગે સાબરમતી નદીના પુલ નીચે નદીના પટમાં આશરે ૨૫ વર્ષીય અજાણ્યા યુવાનની કરપીણ હત્યા કરાઈ છે. પથ્થરથી માથુ છુંદીને કરાયેલ હત્યાની તપાસ નરોડા પોલીસ ચલાવી રહી છે.

# કોસ્ટરીકા દેશનો સાયકલ સવાર યુવાન શહેરના આંગણેથી પસાર

**વિશ્વભરમાં નીકળેલ યુવાન ૪૨ દેશ અને ૩૫૦૦૦ કિ.મી.સાયકલ ચલાવી છે, આગામી ત્રણ વર્ષ બાદ અન્ય દેશમાં ફરીને એન્જીનીયર યુવાન પોતાના ઘરે પરત ફરશે**

(નિકેશ બ્રહ્મભટ્ટ)

ગાંધીનગર, તા.૧૩

વિશ્વભરના પ્રાકૃતિક સૌદર્યને માણવા માટે સાયકલ લઈને નિકળેલા કોસ્ટરીકા દેશના યુવાન એલન ક્રાંસક્રાંતે બહેરાનું ગાંધીનગરના આંગણેથી પસાર થયા હતા. એલને અત્યાર સુધીમાં ૩૫૦૦૦ કિ.મી. સાયકલ ચલાવીને ૪૨ દેશની સફર પુરી કરીને ભારતમાં પ્રવેશ કરીને વિવિધ રાજયના પર્યાવરણ, પ્રકૃતિ અને સંસ્કૃતિને માણી રહ્યા છે. ગાંધીનગર - ચિલોડા માર્ગ પર આવેલ હોટલ મારુતિ નંદન પાસે રોકાયેલા છે તેમજ આ યુવાને ખીચડી-કઢી અને બાજરીનો રોટલો તેમજ રીંગણાના ઓરાની લિજ્જત માણી હતી. ગુજરાતીઓની મહેમાનગતિથી એલન ખુશખુશાલ જણાયા હતા.

### મારુતિનંદન હોટલના માલિકની દરીયાદિલી જોઈ વધુ એક દિવસ રોકાયા

એલન રોજના અંદાજે ૧૦૦ કિમી સાયકલ ચલાવીને રહેવા - જમવાની સગવડ હોય તેવા સ્થળે રાત્રી રોકાણ કરે છે. ત્યારે ગાંધીનગર પાસે મારુતિનંદન હોટલના પરિસરમાં ગઈકાલે રાત્રી રોકાણ કર્યુ હતું. એલન પોતાના ટેન્ટમાં રહે છે પરંતુ મારુતિનંદન હોટલ માલિક જનક પટેલની ગુજરાતી દરીયાદિલીને પગલે તેમણે આ પ્રવાસીનું રહેવા જમવાનું નિશૂલ્ક પુરુ પાડ્યુ હતું.તેમજ પોતાની ગાડીમાં ગાંધીનગર શહેરના વિવિધ સ્થળોની મુલાકાત કરાવી હતી. આ જોઈ એલન પણ ગુજરાતીની મહેમાનગતિથી ખુશ થઈ ગયા હતા.



કોસ્ટરીકા દેશમાં જન્મેલા અને વ્યવસાયે એન્જીંનિયર૩૬ વર્ષિય એલન ક્રાંસક્રાંતે બહેરાનું ના પરિવારમાં માતા-પિતા અને બહેન છે. પરિવારમાં સૌથી નાના એલન અત્યાર સુધી અપરિણીત છે. કોસ્ટરીક દેશમાં ફુડ ફેકટરીમાં એન્જીનીયરીગ તરીકે દસ વર્ષ સુધી સેવા બાદ એલનને વિશ્વભરમાં સાયકલ લઈને વિવિધ દેશનું પર્યાવરણ અને સંસ્કૃતિ માણવાની અનોખી ઈચ્છા થઈ અને પરિવારની સહમતિ મળી જતા ત્રણ વર્ષ અગાઉ ઘરેથી નીકળયા છે. અત્યાર સુધીમાં આ યુવાન સેન્ટ્રલ અને નોર્થ અમેરીકા, યુકે, યુરોપ, તુર્કી, જયોર્જીયા, અરમેનીયા, ઈરાન, યુએઈ, શ્રીલંકા, કોચીન થઈ ઈન્ડીયા પ્રવેશ કરીને કોચીન, કન્યાકુમારી, મદુરાઈ, ઉટી, મસુરી, ગોવા, મુંબઈ સહિતના રાજયોમાં થઈને ગુજરાતમાં અમદાવાદ થઈને તે ગઈકાલે ગાંધીનગરના મહેમાન બન્યા હતા. સાયકલ પર વિશ્વભરમાં પર્યાવરણને માણવા નીકળેલા એલનનું છે કે ફુલ સ્પીડે જતી ગાડીમાંથી પર્યાવરણની મજા માણી શકાતી નથી તેમજ ગ્લોબલ વોર્મિગ અને પ્રદુષણ સહિત પેટ્રોલ સહિતના ઈંધણને લઈને ચિંતા દર્શાવી હતી. સાયકલ ચલાવાથી દરેક વ્યકતિનું સ્વાસ્થય પણ સારુ રહે છે જેથી યુવાનોને સાયકલ ચલાવા માટે પણ અનુરોધ કર્યો છે. બે દિવસનુ રોકાણ ગાંધીનગર ચિલોડા માર્ગ પર આવેલ મારુતિનંદન હોટલમાં કયુ છે ત્યારબાદ સોમવારની વહેલી સવારે રાજસ્થાન તરફ જવા રવાના થશે. રોજ અંદાજીત ૮૦થી ૧૦૦ કિમી સાયકલ ચલાવતા એલનનો દિવસનો જયુસ, ચા અને જમવાનો ખર્ચ રૂ.૭૦૦ થાય છે. આગામી ચાર વર્ષમાં અન્ય બાકી રહેલા દેશનો પ્રવાસ ખેડીને એલન પોતાના ઘરે પરત ફરશે.

### એલને સાયકલ પર ટીંગાડેલા સામાનનો વજન ૪૫ કિલો છે, ૪૨ દેશ અને ૩૫૦૦૦ કિમી.ની સફર ત્રણ વર્ષમાં ખેડી છે

કોસ્ટરીકા દેશના એલનની સાયકલ પણ જેસી કંપની ની છે. તેમજ તેની ગર્લ ફ્રેન્ડનું નામ પણ જેસીકા હોવાથી આ સાયકલ પર તેણે પસંદગી ઉતારી છે. આ સેકન્ડ સાયકલ તેણે પ્રવાસ માટે રૂ. ૫૦૦૦૦ ખરીદી છે. સાયકલ કેટલુ ચાલી તેનું મીટર દર્શાવી છે. તેમજ પાણી બોટલ, ફાયર સેફટી બોટલ, મીકેનીકલ ટુલ્સ, એર પમ્પ, તેમજ રહેવાનો ટેન્ટ સહિત સામાન લટકાવા માટે વિવિધ સ્ટેન્ડથી સજ્જ છે.

### ગુજરાતીમાં કાઠીયાવાડી ભોજનની લિજ્જત માણી

પોતાના જમવામાં એલન ખાસ કરીને જયુસ, ફ્રુટ અને નોનવેજ પસંદ કરે છે પરતં ગઈકાલે બાજરીના રોટલા ખીચડી - કઢી અને રીંગણના ઓરાનું શાક ખાતા મજા પડી ગઈ હતી. ગુજરાતની હરીયાળી તેમજ માર્ગો થી પ્રભાવિત થયો હતો.

# લોકનૃત્યોમાં નવો પ્રાણ પૂરતા 'નૃત્યશ્રી' કોરિયોગ્રાફર

**નવરાત્રિના ગરબા હોય કે ભારતના કોઈ પણ પ્રદેશનું લોકનૃત્ય, ગાંધીનગરના વેસ્લી પીટર કોરિયોગ્રાફીની મહારત અચંબો પમાડે તેવી**




ગાંધીનગર, તા.૧૩

એવું કહેવાય છે કે કલાને કોઈ ધર્મનો ભેદભાવ નથી હોતો, એ જ રીતે કલાકારને પણ ધર્મનો ભેદભાવ નડતો નથી. આપણા દેશમાં એવા અસંખ્ય ઉદાહરણો છે કે કલાકાર જન્મથી પોતાનો જે ધર્મ પાળતો હોય પરંતુ કર્મથી તે કોઈ અલગ જ ધર્મ સાથે સંકળાયેલો હોય. નવરાત્રિમાં અઢળક મુસ્લિમ ગાયકો ગરબા ગાયકી પ્રસ્તુત કરતા હોય કે દરગાહ પર હિન્દુ ગાયકો કવ્વાલી કે સૂફી સંગીતની રમઝટ જમાવતા હોય છે. ગાંધીનગરના એવા જ એક અદના કલાકાર જે જન્મથી ખ્રિસ્તી હોવા છતાં ગુજરાતની ભાતીગળ લોક સંસ્કૃતિના નૃત્યો તેમાં પણ ખાસ કરીને 'ગરબા' ક્ષેત્રે અનોખી મહારત ધરાવે છે. તેમની અદભૂત કોરિયોગ્રાફી પાછળ હિંદુ સંસ્કૃતિની આ વિરાસતનો તલસ્પર્શી અભ્યાસ પણ એટલો જ રહેલો છે. તેમના આ ગહન અભ્યાસ અને નૃત્ય પ્રત્યેની કટિબધ્ધતા એ વિદેશમાં પણ તેમની ખાસ માંગ ઉભી કરી છે.

ગાંધીનગરની એક શાળામાં નોકરી કરતા શિક્ષક દંપતિના ત્રણ દિકરા અને બે દિકરી સાથેના પાંચ સંતાનમાંથી મોટો પુત્ર તેના મિત્રો સાથે મળીને પોતાનું ઓરકેસ્ટ્રા ચલાવતો હતો. તમામ ઓરકેસ્ટ્રાના શૉ જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, નવરાત્રિ કે સરકારી કાર્યક્રમો વગેરેમાં પોતાના નાના ભાઈને સાથે લઈને જતો આ કારણે નાના ભાઈને લોકનૃત્યો, ગરબા-રાસ વગેરેમાં રસ પડવા લાગ્યો. નાનો ભાઈ પોતે પણ શાળાની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લેતો હતો. મોટા ભાઈ સાથે માણેલા કાર્યક્રમોના આધારે માત્ર નવમા ધોરણમાં જ તેણે શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમમાં હુડો રાસની કોરિયોગ્રાફી કરી ભારે પ્રસંશા પ્રાપ્ત કરી. બસ પછી તો તેને એવી ધૂન લાગી કોરીયોગ્રાફીની કે સમય જતા તે તના જીવનનું 'કર્મ' બનીને રહ્યું. નૃત્ય સાથેનો તેનો બંધાયેલો સંબંધ આજે નૃત્યશ્રી કલાવૃંદના નામથી યશસ્વી નામના ધરાવે છે.

શાળાકીય જીવનથી જ નૃત્ય ક્ષેત્રે પગરણ માંડનાર આ નાનો ભાઈ એટલે 'વેસ્લી પીટર'. જેમણે વ્યવસાયિક રીતે આમ તો સેનેટરી ઈન્સ્પેકટર તરીકે ગાંધીનગરની સિવિલ હોસ્પિટલના એક વિભાગમાં નોકરી મેળવી હતી પરંતુ મન તો તેમનું લોકનૃત્યોને જ વરેલું હતું. એમાં નાનપણથી વાંચનનો શોખ પણ ખરો જેના કારણે દરેક લોકનૃત્યો કે ધાર્મિક નૃત્યો પાછળ રહેલો ઈતિહાસ વાંચી તેનું સાચું મહત્વ તથા સાચી પધ્ધતિ જાણી લેતા. આશરે ૧૯૮૦ની આસપાસના એ સમયમાં ગાંધીનગરની નવરાત્રિમાં કોઈ ટ્રેડિશનલ પહેરવેશ નહોતુ પહેરતું ત્યારે તેઓએ હિંમત કરી ગુજરાતી ભાતીગળ સંસ્કૃતિના પહેરવેશ પહેરી ગરબે ઘુમવાની હિંમત કરી હતી. શરૂઆતમાં હાંસી પાત્ર બન્યા પરંતુ ધીરે ધીરે તેમની સાથે અન્ય ખેલૈયા પણ જોડાવા લાગતા મહેનત લેખે લાગી. લગભગ ૧૯૯૫ની સાલના સમયમાં જયારે ગરબા ગ્રૃપનું કલ્ચર એટલું વિકસ્યું નહોતું ત્યારે વેસ્લીએ મિત્રો સાથે મળી પોતાનું ગ્રૃપ બનાવ્યું અને ગરબા તથા લોકનૃત્યો શીખવાડવાનો પ્રારંભ કર્યો હતો. આ સાથે તેમણે ૧૯૯૬માં ફાગણી પૂનમ એટલે કે હોળીએ ડાકોર ખાતે ગુજરાત ટુરિઝમ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં પહેલો કાર્યક્રમ રજૂ કર્યો હતો અને સારી એવી પ્રસંશા પણ પ્રાપ્ત કરી હતી. પછી તો ગાંધીનગરની સંસ્થાઓના કાર્યક્રમો જેમાં સુપર મોડેલ મધુ સપ્રે આવવાની હોય કે તે સમયની અભિનેત્રી પૂનમ ધીલ્લોન. સ્ટેજ શૉમાં નૃત્યશ્રી કલાવૃંદ જ છવાઈ જવા લાગ્યું. આ સફળતામાં વેસ્લી પીટરની માત્ર કોરિયોગ્રાફી જ નહી પરંતુ સ્ટેજની થીમ, ડ્રેસિંગ કે મેકઅપ તમામ પાસાઓમાં રહેલી ઝીણવટભરી માવજત જવાબદાર બનતી હતી.





વર્ષ ૨૦૦૪માં એક મિત્ર દ્વારા રશિયા ખાતે કાર્યક્રમ રજૂ કરવાની ઓફર મળી તો નોકરી છોડી દીધી. ત્યારથી શરૂ થઈ સફળતાની નવી સફર. વિદેશમાં કલાને વધુ માન મળે છે અને કલાકારને પણ ખૂબ સન્માન-ઈજ્જત મળે છે તેવો અનુભવ થતા ગુજરાતની લોક સંસ્કૃતિને વિદેશમાં પ્રદર્શિત કરવાનું મન બનાવી લીધું. પરંતુ સાથે સ્થાનિક કક્ષાએ પોતાના પ્રયોગો તો ચાલુ જ રાખ્યા. વર્ષ ૨૦૦૬માં પહેલીવાર 'આગ-ભાઈ'નો શૉ કર્યો તો બીજી તરફ નહેરૂ યુવા કેન્દ્ર તરફથી સરકારનો 'બેસ્ટ યુથ એવોર્ડ' પણ મેળવ્યો. ગાંધીનગરના અગણિત નૃત્ય શોખીનોને ગ્રૃપમાં સામેલ કર્યા પણ કોઈની પાસેથી નૃત્ય શીખવાડવા એક પાઈ સુધ્ધાં લીધી નહી. જયાં પણ શૉ કરવા જાય ત્યાં આવેલા અન્ય ગ્રૃપના લીડરોને મળી જે તે લોકનૃત્ય અંગે નાનામાં નાની વિગતો જાણી લેતા. પાઘડી, રીધમ કે પહેરવેશની મહત્તા હોય કે ગીતના શબ્દો તમામમાં ઉંડાણપૂર્વક ઉતરી જાણી લેવું જાણે વ્યસન બની ગયું હતું. ભાવનગર જાય તો મે'ર રાસમાં શૌર્ય ગીતનું મહત્વ શોધી કાઢે, રાજસ્થાન જાય તો ઘુમર કે કાલબેલિયા પાછળની પરંપરા જાણી લે. નાગર સમાજમાં બેઠા ગરબાનું કારણ હોય કે કચ્છના રબારીની પેટર્ન, જાણ્યા વગર ચેન પડે નહીં. શિષ્યો પણ એવા તૈયાર કર્યા કે ગાંધીનગરની લગભગ મોટા ભાગની નૃત્ય સંસ્થા ચાલુ કરનારા નૃત્યશ્રીમાંથી શીખીને આવ્યા હોય તેવી સ્થિતિ સર્જાઈ. પ્રજાસત્તાક દિને પૂર્વ સંધ્યાના કાર્યક્રમમાં કોરિયોગ્રાફી હોય કે વાઈબ્રન્ટ ગરબા સ્પર્ધામાં નિર્ણાયકની ભૂમિકા વેસ્લી અચૂક હાજર હોય. રિલાયન્સ, અદાણી જેવા કોર્પોરેટસ કે કોઈ બિલ્ડરોના પ્રાઈવેટ કાર્યક્રમો તમામ સ્ટેજ શૉ મળવા લાગ્યા. જો કે આ બધામાં સરકારી રાહે મળતો પ્રતિસાદ કલા વ્યકિતત્વને પૂરતો ન્યાય આપી ના શકતો હોવાથી મન મોકળુ પડયું અને કમને હવે સ્થાનિક કાર્યક્રમો ઓછા કરી વિદેશના કાર્યક્રમો પર જ ધ્યાન આપવાનું મુનાસિબ માન્યું છે.

ગાંધીનગરના આશરે ૧૫૦૦થી વધુ યુવાનોને ગરબાના સ્ટેપ્સ શીખવાડનાર વેસ્લી પીટર આજે મા અંબાની ભકિત આધારિત 'માતાજીની પોળ' નામનો શૉ તૈયાર કરી રહ્યા છે. ભકિત માટે ઈનામ કે પ્રાઈઝ ના હોય તેવું માનતા વેસ્લી તેમના મિત્રોમાં ચટાકેદાર રસોઈ બનાવવાના શોખથી પણ જાણીતા છે. મિત્રો કહે છે સવારે ફોન કરીએ તો જયશ્રીકૃષ્ણ કહેતા વેસ્લી કયારેક મુસ્લિમ દરગાહ પર પણ જોવા મળી જાય છે. આમ તો તેઓ ખ્રિસ્તી ધર્મ પાળે છે પરંતુ તેમને કોઈ ધર્મનો કયારેય છોછ નડયો નથી. તેમને તો માત્ર ભારતીય લોકનૃત્યો એ જ માત્ર એક ધર્મ છે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

# ગાંધીનગર સિવિલમાં રેડીયો ફ્રિકવન્સી ઈલેકટ્રો કોર્સ્ટ મશીન બંધ હાલતમાં

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં સ્કીન ઓપીડીમાં તંત્ર દ્વારા ચહેરા પર થયેલા મસા નીકાળવાનું મશીન મુકવામાં આવ્યું છે. પરંતુ આ મશીન બંધ છે તેવું સ્ટાફના હાજર કર્મીઓ જણાવી રહ્યા છે. સરકાર દ્વારા અંદાજે રૂ.૫ લાખની કિંમતનું મશીન ચાલુ હાલતમાં હોવા છતા દર્દીઓના ઉપયોગમાં ના આવતા ચહેરાની મુશ્કેલીથી પીડાતા દર્દીઓ હેરાન પરેશાન થઈ ગયા છે.

જીએમઈઆરએસ સંચાલિત હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ આવે છે. જિલ્લાકક્ષાની હોવાથી હોસ્પિટલ દર્દીઓથી ઉભરાય છે ત્યારે આસપાસના દર્દીઓ પણ સિવિલમાં મળતી માળખાકીય સુવિધાને પગલે ગાંધીનગર સિવિલમાં સારવાર લેવાનું પસંદ કરે છે. મેડીકલ કોલેજને પગલે વિવિધ મશીનો હોવાથી દર્દીઓની વિવિધ રોગના દર્દીઓથી ઓપીડી વિભાગ ઉભરાય છે. ત્યારે સિવિલના ઓપીડી વિભાગમાં સ્કિન ઓપીડીમાં રેડીયો ફ્રિકવન્સી ઈલેકટ્રો મશીન મુકવામાં આવ્યું છે. સ્કીન વિભાગમાં આવતા દર્દીઓમાં મોટાભાગના ચહેરા પર થતા મસથી પિડાતા દર્દીઓ વધુ હોય છે. પરંતુ આ સારવારમાં લગભગ ૩૦ મીનીટ જેટલો સમય લાગે છે જેને પરિણામે અન્ય દર્દીઓને યોગ્ય સારવાર મળતી ના હોવાથી મશીન બંધ છે તેમ જણાવી સ્ટાફના માણસો મસથી પિડાતા દર્દીઓને અન્ય ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવી પડે છે. સિવિલમાં મશીન હોવા છતા અન્ય ખાનગી માં સારવાર લેવાથી વધુ રૂપીયા ખર્ચ થાય છે જેને પગલે દર્દીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. ચહેરા પરથી આ સમસ્યા દુર થાય તે માટે મશીન ઝડપી શરુ કરવામાં આવે તેવી દર્દીઓની લાગણી અને માંગણી છે.

## ચિરવિદાય

- સ્વ. નિર્મળાબેન નૈતનભાઈ ભટ્ટ, ઉ.વ. ૯૫
- સ્વ. ધર્મેશજી ગોવિંદજી ખાંટ, ઉ.વ. ૨૦